**વડોદરાના ૨૦ માં એડીશ નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુકામ–વડોદરા.**

**ફોજદારી કેસ નં. ૨૬૧૩૪/૨૦૨૧**
**કારેલીબાગ પોલીસ સ્ટેશન**
**ગુ.ર.નં.૧૧૧૯૬૦૨૭૨૧૦૩૬૪/૨૦૨૧**
**આંક–: ૧ હેઠળ હુકમ**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ.**

**આરોપી :–** સેજાદઅલી મોહમદઅલી સૈયદ

---

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ તથા ડિજાસ્ટર મેનેજમેન્ટ ૨૦૦૫ ની કલમ–૫૧ મુજબ....**

---

**– :: –:: હુકમ ::– :: –**

હાલના કામમા તપાસ કરનાર પોલીસ અમલદાર દ્રારા ઈ.પી.કોડની કલમ–૧૮૮ તથા ડિજાસ્ટર મેનેજમેન્ટ ૨૦૦૫ ની કલમ–૫૧ ના ગુન્હાના કામે ચાર્જસીટ કોર્ટમાં રજુ કરેલ છે. હવે ઈ.પી.કોડની કલમ–૧૮૮ નો ગુન્હો નોન–કોગ્નીજેબલ ગુન્હો છે અને, સી.આર.પી.સી. કલમ–૧૯૫ ધ્યાને લઈએ તો તેમા સ્પષ્ટ છે કે કોઈ કોર્ટ કલમ–૧૮૮ ના ગુન્હામા કોગ્નીજન્સ લઈ શકે નહી કે જયા સુધી હુકમ બહાર પાડનાર અધિકારી કે તેના તાબાના કર્મચારી દ્રારા ફરીયાદ દાખલ કરવામાં આવેલ ન હોય. હાલના કામમાં કોઈ ફરીયાદ દાખલ કરવામાં આવેલ નથી, પરંતુ કોર્ટમાં પોલીસે એફ.આઈ.આર. નોંધી તપાસ કરી ચાર્જસીટ કરેલ છે. પરંતુ ડિજાસ્ટર મેનેજમેન્ટ ૨૦૦૫ ની કલમ–૬૦ ધ્યાને લઈએ તો તેમા પણ કમ્પીટંન્ટ ઓથોરીટી અથવા ગર્વમેન્ટ દ્રારા જયા સુધી ફરીયાદ કરવામા ન આવે ત્યા સુધી કોર્ટ કોગ્નીજન્સ લઈ શકે નહી. આમ, હાલની બંન્ને કલમોમા જો કોર્ટે કાર્યવાહી કરવી હોય તો સી.આર.પી.સી. કલમ–૨(ડી) હેઠળ કોર્ટમાં ફરીયાદ દાખલ કરવી પડે છે, પરંતુ હાલના કામમા આવી કોઈ ફરીયાદ દાખલ થયેલ નથી, પરંતુ સીધેસીધી પોલીસ દ્રારા એફ.આઈ.આર. નોંધી તપાસ કરી ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે. જેથી સી.આર.પી.સી. કલમ–૧૯૫ તથા ડિજાસ્ટર મેનેજમેન્ટ ૨૦૦૫ની કલમ–૬૦ ધ્યાને લઈ હાલના ચાર્જસીટનું કોર્ટ કોગ્નીજન્સ લઈ શકે તેમ નથી અને આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરી શકે નહી, જેથી હાલનો કેસ **સી.આર.પી.સી.–૨૫૮** હેઠળ પ્રોસડીંગ સ્ટોપ કરી આરોપીને **ડીસ્ચાર્જ** કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૦મી જુલાઈ, ૨૦૨૧ ના રોજ સ્પેશ્યલ સીટીંગમા ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

જીલ્લો :– વડોદરા.

તા. ૧૦/૦૭/૨૦૨૧

**(ભરતભાઈ હરદાસભાઈ ઓડેદરા )**
કોડ નં. જી. જે. ૦૦૮૦૪
૨૦મા અધિક ચીફ જયુ.ડી. મેજીસ્ટ્રેટ, વડોદરા.

બી.પી. ઝાલા